# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

## ડીપ્લોમા ઈન ફાયર એન્ડ સેફટી અભ્યાસક્રમ માટેની શરતો

શરતોઃ-

૧. યુનિવર્સિટી તથા રાજય સરકારશ્રીના કોલેજ માટેના તમામ નિયમોનું પાલન કરવાનું રહેશે.

૨. જો શકય હોય તો સંસ્થાએ નજીકના ફાયર સ્ટેશન અથવા ગુજરાત સ્ટેટ ફાયર પ્રિવેન્શન સર્વિસીસ સાથે એમ.ઓ.યુ. કરવો.

૩. ફાયર-સેફટી ઈન્સ્પેકટર અભ્યાસક્રમ શરૂ કરવા માંગતી જે-તે સંસ્થાએ 'DISH' (Department of Ind. Safety and Health) માંથી મંજૂરી લઈ આ અંગેનું જાહેરનામું બહાર પાડવાનું રહેશે.

૪. આ અભ્યાસઞ્મ માટે ટીચીંગ સ્ટાફ તથા નોન ટીચીંગ સ્ટાફ યુનિવર્સિટી દ્વારા સૂચવાયેલ લાયકાત મુજબ ભરતી કરવાની રહેશે.

૫. સંસ્થાના પ્રાંગણમાં ફાયર ડ્રીલ તથા ફાયર પરેડ માટે અનુકૂળ ગ્રાઉન્ડ હોવું જરૂરી છે.

૬. આ ગ્રાઉન્ડ પર ફાયર ડ્રીલ તથા ફાયર પરેડ માટે નીચેની વ્યવસ્થાઓ ઉભી કરવાની રહેશે.

(એ) સ્મોક ચેમ્બર

(બી) ડ્રીલ ટાવર

(સી) રોપ-કલાઈવીંગ માટેનો પોલ

(ડી) સ્વીમીંગ પુલ

(ઈ) ડમી વેલ (૧૦ થી ૧૨ ફૂટનો કૂવો)

૭. આ અભ્યાસક્રમના અનુરૂપ પુસ્તકો વસાવવાના રહેશે.

૮. પ્રાયોગિક કાર્ય તથા ફાયર ડ્રીલ માટે સાથે સામેલ પત્રક મુજબના સાધનો ફરજીયાત વસાવવાના રહેશે.

૯. અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે નીચે પ્રમાણેના યુનિફોર્મ ફાયર કોડ પ્રમાણે ફરજીયાત કરવાના રહેશે.

(એ) PT યુનિફોર્મ : T-Shirt, Lower, Sport shoe

(બી) ફાયર ડ્રીલ યુનિફોર્મ : ડાંગરી, ગમશુઝ, હેલમેટ, બેલ્ટ

(સી) સેરેમોનીયલ યુનિફોર્મ (વર્દી) : પેન્ટ-શર્ટ, બેલ્ટ, જોધપુરી શુઝ (બ્લેક), શોલ્ડર બેજ, પી-કેપ, લીનીયાર્ડ

૧૦. અભ્યાસક્રમ દરમિયાન

- ફાયર સ્ટેશન વીઝીટ
- ઈન્ડસ્ટ્રીયલ વીઝીટ
- બિલ્ડીંગ પ્રોટેકશન ફાયર સીસ્ટમની વીઝીટ કરાવી આ અંગેનો રીપોર્ટ વિદ્યાર્થીદીઠ બનાવી પ્રાયોગિક જર્નલ સાથે જમા કરાવવાની રહેશે.

૧૧. આંતરીક પરીક્ષામાં લેખિત પરીક્ષા તથા પ્રાયોગિક પરીક્ષા ફરજીયાત લેવાની રહેશે.

૧૨. યુનિવર્સિટી પરીક્ષામાં પણ પ્રાયોગિક પરીક્ષા ઉપરાંત ફાયર ડ્રીલ તથા વર્ષ દરમિયાન કરાવેલી વીઝીટનું નાનું પ્રેઝન્ટેશન તથા તેનો રીપોર્ટ ફરજીયાત કરવાનો રહેશે.